॥ श्री गणेशाय नमः ॥

॥ श्रीः ॥

॥ श्री महाकाली प्रसन्नास्तु ॥

॥ श्रीकालिकाध्यानम् ॥
खड्गोद्भासितदक्षिणोर्ध्वभुजकां
वामे व चर्मान्विताम्
सव्यनोद्धृतबालकामपरतो मुद्रां
वराख्याम् शुभाम् ।
बिभ्राणां, नयनत्रयेण लसितां,
सिहस्थिताम् श्यामलां,
वन्देऽस्मत्कुलदेवताम् सकरुणां
श्रीकालिकां मातरम् ॥




# ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ

સ્થાપના : ૧૦-૮-૧૯૯૭

**સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)નું મુખપત્ર**

વર્ષ : ૧૬ અંક : ૧૯૧/૧૯૨ તા.૧૫-૦૧-૨૦૨૬ કિંમત : રૂા.૨-૦૦

દર ૧૫ તારીખે પ્રસિદ્ધ થતું માસિક
તંત્રી : શ્રી ભરતભાઈ સી. શેઠ

RNI NO.GUJGUJ/2009/30908. Postal Reg. No. GUJ/474/2021-2023 Valid up to 31-12-2023

PUBLICATION ON DATE OF 15th EVERY MONTH


- સમાજની સાથે શરૂઆતથી સંકળાયેલ પાયાના કાર્યકર શ્રી જશવંતભાઈ વાડીલાલ કંસારા (કપડવંજ)નું દુઃખદ અવસાન. પ્રભુ તેમના આત્માને શાંતી અર્પે એ જ પ્રાર્થના.
- શ્રી ગુજરાતી કંસારા યુવક મંડળ, મોરબી દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ તથા રક્તદાન કેમ્પનું સફળતા પૂર્વક સંપન્ન.
- શ્રી ગુજરાતી કંસારા જ્ઞાતિ (સૌરાષ્ટ્ર), સુરત દ્વારા વાર્ષિક સ્નેહ મિલન સંપન્ન.
- વઢવાણ સીટી ખાતે નવનિર્મિત શ્રી મદનમોહન લાલજી હવેલી મહામહોત્સવ સંપન્ન.


Web : www.samastkansara.com e-mail : samastkansaramb@gmail.com sksgujarat@gmail.com

# વિદેશગમન શુભેચ્છા

શ્રીમતી ભાવનાબેન તથા યોગેશભાઈ માવાણી ની સુપુત્રી અમારા કુટુંબનું ગૌરવ ચી. જાનકી એ વિશ્વ પ્રસિદ્ધ અને પ્રતિષ્ઠિ યુનિવર્સિટી University of Florence ઈટાલી ખાતે Urban Planning and Design માં Master's Degree માટે પ્રવેશ પ્રાપ્ત કર્યો છે. તેઓ ઈટાલી ખાતે અભ્યાસ માટે પ્રસ્થાન કરી રહ્યા છે ત્યારે સમગ્ર માવાણી પરિવાર અત્યંત ગૌરવની લાગણી અનુભવે છે અને ચિ. જાનકીને સફળતા માટે શુભેચ્છાઓ અને આશીર્વાદ પાઠવે છે.



**શુભેચ્છા સહ**

કંસારા બાબુલાલ મનોરદાસ
પરિવાર સિહોર
પ્રતાપરાય બાબુલાલ માવાણી
નરેન્દ્રભાઈ બાબુલાલ માવાણી
યોગેશભાઈ પ્રતાપરાય માવાણી
+૯૧ ૯૮૨૫૮ ૩૬૧૫૧
શૈલેષભાઈ પ્રતાપરાય માવાણી
ચિરાગભાઈ પ્રવીણભાઈ માવાણી

**શુભેચ્છા સહ**

સુરેશભાઈ વ્રજલાલ ગોરખીયા
પરિવાર અમદાવાદ
સંજયભાઈ સુરેશભાઈ ગોરખીયા
નિકેતભાઈ સુરેશભાઈ ગોરખીયા

# સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ
## (ટ્રસ્ટ રજી. નં. એ/૩૪૮૮/અમદાવાદ/તા.૩૧-૧-૧૯૯૮)


**ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ**
**(કંસારા ટાઈમ્સ)**

: પ્રમુખશ્રી :
શ્રી ચંદ્રકાન્ત કંચનલાલ કંસારા

: સલાહકાર મંડળ :
શ્રી બટુકભાઈ વ્રજલાલ કંસારા, અમદાવાદ
શ્રી હસમુખભાઈ એલ. ખાખી, અમદાવાદ

: માનદ્ તંત્રી :
શ્રી ભરતભાઈ સી. શેઠ, અમદાવાદ
મો : ૯૮૨૪૦૬૨૬૫૧

: સંપાદક મંડળ :
શ્રી અનંતરાય જી. શેઠ,
શ્રી દિલીપભાઈ આર. કંસારા,
શ્રી બળવંતભાઈ જે. પાવાગઢી,
શ્રી વિવેક એમ. કંસારા,
શ્રી કમલેશ એચ. કંસારા,

: કાર્યાલય-સંપર્ક / પત્ર-વ્યવહાર માટે:
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)
''બી'' બ્લોક, ૫૦૨, ૫ મે માળ,
તુલીપ ટાવર, પકવાન ડાઈનીંગ
હૉલની પાછળ, વી.એસ.હૉસ્પિટલ સામે,
એલીસબ્રીજ, અમદાવાદ - ૬.
મો. : ૮૫૧૧૫ ૯૪૧૮૧

કોઈપણ જાહેરખબર કે શ્રધ્ધાંજલિમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંહેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરી યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

કોઈપણ લેખ અંકમાં છાપવો કે નહીં છાપવો તે તંત્રીશ્રી, સંપાદક મંડળ નિર્ણય કરે છે. આ અંકમાં પ્રસિધ્ધ થતાં લેખો, એ સ્વતંત્ર અભિવ્યક્તિ છે, તેની સાથે સમાજ કે હોદ્દેદારો સંમત છે, તેવું માની લેવું નહીં.




આદરણીય વ્હાલા સુજ્ઞ જ્ઞાતિજનો,

પરમ કૃપાળુ માતાજીની કૃપાથી આપ સર્વે ક્ષેમ કુશળ હશો એવી હું આશા રાખું છું.

આગામી ૧૪ મી જાન્યુઆરી એટલે મકર સંક્રાંતિ / ઉતરાયણ. આ દિવસ એટલે સૂર્યના ઉત્તર ગોળાર્ધમાં પ્રવેશનો દિવસ જે શુભ અને સકારાત્મક અને નવા પ્રારંભનું પ્રતીક છે. એટલે કે વૈજ્ઞાનિક / ખગોળ શાસ્ત્રની દ્રષ્ટિએ આ દિવસથી સૂર્ય ઉત્તર દિશા તરફ ગતિ ની શરૂઆત કરે છે.જે અંધકાર માંથી પ્રકાશ તરફના સંક્રમણ નું પ્રતિક છે તેવી જ રીતે આપ સર્વે નું જીવન પણ અંધકાર માંથી વિકાસ રૂપી પ્રકાશ તરફ સંક્રમણ કરે તેવી આ પર્વ નિમિતે શુભેચ્છાઓ પાઠવું છું.

આ દિવસે એટલે હિન્દુઓના પવિત્ર ધાર્મિક પર્વ નો દિવસ એટલેકે આ દિવસે સ્નાન, તલ - ગોળનું દાન, સૂર્ય પૂજા કરી ને ધાર્મિક ભાવના વ્યક્ત કરવાનો દિવસ. ખાસ કરીને નાના બાળકો અને યંગ યુવાન - યુવતીઓ તથા અન્ય વયસ્કો, પતંગ ચગાવવાનો આનંદ અને ધાબા અને અગાશીમાં ઊંધિયા જલેબી જેવા નાસ્તાની મોજ મજા માણીને આનંદ માણવાનો અનેરો દિવસ, જે આધ્યાત્મિક શુદ્ધિ અને સુખ શાંતિ લાવે છે આમ આ દિવસે પતંગોત્સવનો ધામધૂમ નો અનેરો દિવસ.

આ મહિનાનો બીજો રાષ્ટ્રીય પર્વનો દિવસ એટલે કે પ્રજાસત્તાક દિન - ૨૬ મી જાન્યુઆરી - જે પ્રજાસત્તાક દિવસ તરીકે રાષ્ટ્રીય તહેવાર તરીકે સમગ્ર દેશમાં ઉજવાય છે અને દેશ ભક્તિ અને દેશ તરફ ની ભાવના વ્યક્ત કરવાના પવિત્ર દિન તરીકે દેશવાસીઓ મનાવે છે. કારણકે આ દિવસે ૧૯૫૦ માં ભારતનું રાજ્ય બંધારણ અમલ માં આવ્યું અને ભારત સંપૂર્ણ સાર્વભૌમ પ્રજાસત્તાક રાષ્ટ્ર બન્યું. આ રાષ્ટ્રીય પર્વ નિમિતે, સમાજના તમામ જ્ઞાતિજનોને હાર્દિક શુભકામના પાઠવું છું.

જ્ઞાતિના સર્વે વડીલો ભાઈઓ બહેનો યુવાન ભાઈઓ બહેનોને, મારા જય માતાજી - જય શ્રી કૃષ્ણ - જય શ્રી ગોપાલ - જય સ્વામિનારાયણ - જય મહારાજ.

આપનો સ્નેહાધીન
ચંદ્રકાંત કે. કંસારા
પ્રમુખ : સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

**SAMAST KANSARA SAMAJ GUJARAT**
State Bank of India, SPPBB Branch,
Account Number : 10542905500 • IFS CODE : SBIN0060129

**શુભેચ્છક : કંસારા લાલજીભાઈ ગોકળદાસ પરિવાર (મોરબી)ના જયશ્રી કૃષ્ણ**

# મેરેજ બ્યુરો

## ભાઈઓ તથા બહેનો

ભાઈ-બહેનો,

આજે આ કોઈ એક પરિવારની નહી પરંતુ આખા સમાજની એવી સમસ્યાની વાત છે જે આપમે સૌ જાણીએ છીએ, અનુભવીએ છીએ, પણ બોલવાની હિંમત કોઈ કરતું નથી.

આધુકિતા કે આત્મ વિશ્વાસ પછી ? કરવું

આ વાત છે — મોડા થતા લગ્ન, ઓછા થતા સંતાન અને ધીમે-ધીમે ખાલી થતો આપણો સમાજ.

આ લેખ કોઈને દોષારોપણ કરવા માટે નથી, કોઈની લાગણી દુભાવા માટે નથી, પરંતુ આંખ ખોલવા માટે છે. કારણ કે જો આજે સમજીએ નહીં, તો આવતી કાલે સમજવાનો મોકો જ નહીં રહે.

થોડું સરળ ગણિત – પણ બહુ ગંભીર સત્ય.

જીવનમાં ઘણી વાતો ભાવનાઓથી ચાલે છે, પણ સમાજનું ભવિષ્ય ગણિતથી ચાલે છે.

જો છોકરા-છોકરીઓ ૨૦-૨૨ વર્ષની ઉંમરે લગ્ન કરે, તો ૧૦૦ વર્ષમાં ૫ પેઢીઓ જન્મે. જો લગ્ન ૨૫ વર્ષે થાય, તો ૧૦૦ વર્ષમાં ૪ પેઢીઓ. અને જો લગ્ન ૩૨-૩૫ વર્ષે થાય, તો ૧૦૦ વર્ષમાં માંડ ૩ પેઢીઓ.

હવે વિચારો આજે આપણા સમાજમાં શું સ્થિતિ છે? છોકરીઓઃ ૨૯-૩૦ વર્ષ છોકરાઓઃ ૩૨-૩૫ વર્ષ આનો સીધો અર્થ શું થાય ? આપણી પેઢીઓ ઝડપથી ઘટી રહી છે.

બીજું ગણિત – જે દિલ ધ્રૂજાવી દે છે. ૧૦૦ માણસ = ૫૦ દંપતિ. જો દરેક દંપતિ પાસે માત્ર ૧ બાળક હોય. આગલી પેઢીમાં માંડ ૪૫-૪૬ માણસ. ત્રીજી પેઢીમાં ? લગભગ સમાપ્ત ! આ કોઈ આગાહી નથી. આ કોઈ ભય ફેલાવવાની વાત નથી. આ નક્કર ગણિત છે, અને આ બધું આજે જ આપણી આંખ સામે થઈ રહ્યું છે.

આજનું સમાજિક ચિત્ર – ખૂબ જ ડરામણું જરા આજુબાજુ નજર ફેરવોઃ ગામડાં ખાલી થઈ રહ્યા છે. ઘરોમાં ચૂલા છે, પણ બાળકોનો અવાજ નથી. સ્કૂલ બંધ થવાની કગાર પર છે. મકાનો છે, પણ પરિવારો નથી.

આજે સ્થિતિ એવી છે કેઃ છોકરીઓ ૩૦-૩૫ વર્ષ સુધી કુંવારી. છોકરાઓ ૩૫-૪૦ પાર, છતાં લગ્ન નથી. લગ્ન થાય તો માત્ર ૧ બાળક પછી મનમેળ નહીં, એડજસ્ટમેન્ટ નહીં. છૂટાછેડા, મા-બાપ એકલા, બાળક એકલો, અને આખો સમાજ ભાવનાત્મક રીતે તૂટી રહ્યો છે.

"આધુનિકતા" કે "આત્મવિનાશ" આજે આપણે શું કારણો આપીએ છીએ "કરિયર બનાવવું છે" "હજી સેટ થવું છે" "બોડી બગડશે" "ફ્રીડમ નહીં રહે" "એક જ બાળક પૂરતું છે" "હમણાં મજા કરવી છે"

પ્રશ્ન એ છે — શું કેરિયર લગ્ન પછી બની શકતું નથી ? શું સંતાન જીવનનો ભાર છે કે આશીર્વાદ ? શું મજા કરતા કરતા આખો સમાજ ખાલી થઈ જવો જોઈએ ? આને આધુનિકતા કહેવી કે આત્મવિનાશ?

સૌથી મોટી ભૂલ કોણ કરે છે ? કઠોર લાગશે, પણ સાચું છે — છોકરીના પપ્પા. એ જ પપ્પા જેણે પોતે ૨૨-૨૫ વર્ષે લગ્ન કર્યા પરિવાર વસાવ્યો. સમાજ ઊભો કર્યો.

આજે એ જ પપ્પા પોતાની દીકરીને "રાજકુંવરી" બનાવી દે છે. ૩૦-૩૨ વર્ષ સુધી ઘરે બેસાડી રાખે છે. ક્યારેક કહે — "કેરિયર બનાવવા દે" ક્યારેક કહે — "સારો છોકરો નથી મળતો" ક્યારેક ડરે — "સમાજ શું કહેશે?" "છોકરીની માતા જે લગ્ન પછી પણ દિકરીના ઘર સંસારની દરેક બાબતમાં ચંચુપાત તથા ઈમોશનલી ભ્રમ તથા ડર પેદા કરે છે."

પણ કોઈ પૂછતું નથી — દીકરી શું અનુભવે છે ? તેની લાગણીઓનું શું ? તેના શરીર અને મન પર સમય શું અસર કરે છે ?

પરિણામ - ડિપ્રેશન, IVF, હોર્મોનલ સમસ્યાઓ, મોડું માતૃત્વ, છૂટાછેડા અને આખી જિંદગીની અધૂરી પીડા.

કડવી હકીકત – આજના આંકડા. છોકરાઓની સરેરાશ લગ્ન ઉંમરઃ ૩૨, છોકરીઓનીઃ ૨૯, સરેરાશ સંતાનઃ ૧ અથવા ૦.૫, દર ચાર દંપતિમાંથી એક પાસે બાળક જ નથી. છૂટાછેડાનો દર ઝડપથી વધી રહ્યો છે. લાખો યુવાનો-યુવતીઓ એકલા, લગ્ન વગર. આ કોઈ ફિલ્મની સ્ક્રિપ્ટ નથી. આ આપણા સમાજનું ભવિષ્ય છે.

હવે શું કરવું જોઈએ - હજી સમય છેપ જો આજે સમજીએ તો.

શુભેચ્છક : પૂર્વપ્રમુખશ્રી ગુણવંતભાઈ ડેલાવાળા

સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ પ્રમુખશ્રી સરગમ ક્લબ, રાજકોટ.

૧. લગ્નને પ્રાથમિકતા આપો. છોકરાઓ માટેઃ ૨૨-૨૩ પછી. છોકરીઓ માટેઃ ૨૦-૨૨ પછી.

૨. દીકરીના પપ્પા – ખાસ સમજજો. દીકરીની ઉંમર પસાર થઈ જાય છે. લાગણીઓ દબાય છે. શરીરનો સમય પસાર થઈ જાય છે. પછી બધું અઘરું બને છે.

૩. અપેક્ષાઓ ઓછી કરો. પરફેક્ટ છોકરો/છોકરી નથી મળતા. સમજૂતીથી જ પરિવાર ચાલે છે.

૪. સંતાનને ભાર નહિ, સંસ્કાર સમજો. બાળકો વિના સમાજ જીવતો નથી. એક બાળક સમાજ બચાવી શકતો નથી.

અંતિમ ચેતવણી - જો આજે આંખ ન ખોલીએ તો આવતી પેઢી પૂછશે. ‘‘બાળકો ક્યાં ગયા ?’’ ‘‘પરિવાર ક્યાં ગયા?’’ ‘‘ગામડાં કેમ ખાલી?’’ ‘‘સમાજ કેમ ખતમ થયો?’’

અને ઈતિહાસ લખશે : ‘‘એક સમાજ હતો. જે બધું હોવા છતાં પોતાનાં ભવિષ્યને બચાવી ન શક્યો.’’

આવો, આજે જ વિચારીએ - આજે જ બદલાઈએ, આપણા ઘરમાંથી શરૂઆત કરીએ, અને આપણા સમાજને બચાવીએ. આ વાત માત્ર વાંચવા માટે નથી. આ વાત દરેક ઘર સુધી પહોંચાડવાની જવાબદારી આપણી છે.

જો તમે સહમત હો, તો આ વિચાર આગળ વધારજો. સમાજ દ્વારા આયોજીત સંમેલન,ધાર્મિક મેળાવડા,સામાજીક કાર્યક્રમો મા આપના યુવા-યુવતીઓ ને હાજરી આપવા પ્રોત્સાહિત કરો.

ખાસ કરીને જ્ઞાતી દ્વારા આયોજીત મેરેજ બ્યુરોમાં ભાગ લેવાં પ્રોત્સાહિત કરો ને સમજાવો કે નેગેટીવનેશ જેવી કે સમાજમાં યોગ્ય ને લાયક જીવન સાથી/સંગીની મળવી મુશ્કેલ છે તે ખોટી માન્યતા દૂર કરે.કેરીયર જેટલીજ અગત્યતા લગ્ન જીવન ને આપે.યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવા સમજાવવા ની જવાબદારી માતા પિતા ની હોય છે.દિકરીઓ ને પરિચય મેળા થી દૂર રાખી યોગ્ય જીવનસાથી મેળવવા માટે તેઓનુ ઘણુજ અહિત કરે છે.જાગો જ્ઞાતીજનો જાગો.સમાજ નુ નહી પરંતુ તમારી પોતાની પેઢીના હિત માટે જાગ્રુત થાવ.

## MATRIMONIAL



| | |
|---|---|
| Name | : Swapnil Virendrabhai Goradia |
| Date of Birth | : May 19, 1998 |
| Time of Birth | : 12.00 P.M |
| Birth Place | : Sihor |
| Height | : 5.4” |
| Weight | : 51 kg |
| Education | : Bachelor of Engineering in Instrumentation & Controal |
| Occupation | : Software Engineer at Tata Consultancy Services (TCS) |

**FAMILY DETAILS**

| | |
|---|---|
| Grand Father | : Unavantrai Harilal Goradia (Sihor) |
| Father | : Virendrabhai Unavantrai Goradia |
| Father Occ. | : Service in ELECON Eng. Pvt. Ltd. |
| Mother | : Urvashiben Virendrabhai Goradia |
| Brother | : Manan Virendrabhai Goradia |
| Brotehr Edu. | : Bechelor of Engineering in IT |
| Maternal | : Parmananddas Thakarshibhai Kadvani, Savarkundla |
| Contact | : Sureshbhai G. Goradia : 94290 34944<br>Virendrabhai G. Goradia : 99130 86552 |
| Address | : B/4, Gangotri Park, Gopi Akashar Farm Road, Anand-388001. |

## MATRIMONIAL



| | |
|---|---|
| Name | : Madhvesh Gorakhiya |
| Date of Birth | : December 13, 1995 |
| Time of Birth | : 21:16 |
| Birth Place | : Amreli |
| Height | : 5' 101' |
| Weight | : 62 kg |
| Hobbies | : Sketching, Photography, Yoga & Meditation |
| Qualification | : M.Sc. (Wind Energy Engineering) |
| Job | : Flensburg, Germany |

**FAMILY DETAILS**

| | |
|---|---|
| Father’s Name | : Vijaybhai Bhogilal Gorakhiya |
| Father’s Occu. | : Civil Contractor |
| Mother’s Name | : Divyaben Vijaybhai Gorakhiya |
| Father’s Occu. | : Beautician & Homemaker |
| Sister’s name | : Kenali Vijaybhai Gorakhiya |
| Sister’s Occu. | : Teacher & Academci Coordinator |
| Sister’s Edu. | : BSC (Mathematics) + B.ED. |
| Maternal | : Hirlal Vanmalidas Kagda (Vinchhiya) |
| Address | : Yogeshwar Society, Nr. NCCL Colony, Jafrabad, Amreli. |
| Contact | : Divyaben : 63541 62918<br>Vijaybhai : 94274 28957 |

શુભેચ્છક : ડૉ. ઉપેન્દ્ર બી. કલાઈગર, ડૉ. દર્શનભાઈ, ડૉ. અનુપભાઈ કંસારાના જય શ્રીકૃષ્ણ
સુદર્શન આંખની હોસ્પીટલ અને ઓપ્ટીકલ અને કોર્નિયા લેસર સેન્ટર, સુરત મો. : ૯૯૮૦૩૬૬૩૩૬

# વઢવાણ સ્થિત નવનિર્મિત શ્રી મદન મોહન લાલજી હવેલી મહામહોત્સવ

- સુરેશભાઈ એલ. દંગી. – આણંદ



શ્રીમદ ભાગવત કથા રસપાન – શ્રી ઠાકોરજીનો નિજ મંદિર ગૃહ પ્રવેશ અને છપ્પન ભોગ – એવો ત્રિવેણી સંગમ સમાન, અલૌકિક ભવ્યાતિભવ્ય મહામનોરથ - તારીખ ૦૬.૧૧.૨૦૨૫ થી ૧૨.૧૧.૨૦૨૫ દરમ્યાન, દિવ્ય વલ્લભકુળની નિશ્રામાં ઉજવાઈ ગયો આ ત્રિવેણી ઉત્સવ અંગે એક જ વાક્યમાં કહેવું હોય તો એમ કહી શકાય કે ''ન ભૂતો, ન ભવિષ્યતિ''

હવેલીના મુખ્ય ટ્રસ્ટી શ્રી સુભાષભાઈ દંગી, અન્ય ટ્રસ્ટીઓ અને અગણિત યુવા કાર્યકર્તાઓ આ આયોજન માટે છેલ્લા છ મહિનાથી કાર્યરત હતા. પુરા કાર્યક્રમની રૂપરેખા પુ. ગો. ૧૦૮ શ્રી શ્યામ મનોહર લાલજીની આજ્ઞા અને માર્ગદર્શન મુજબ આયોજિત કરવામાં આવેલી.

પ્રથમ ચરણમાં જ મંદિરની બાજુમાં જ આવેલ બ્રાહ્મણની ભોજનશાળા પુરા કાર્યક્રમ માટે અગાઉથી બુક કરવાની દુરંદેશીનાં કારણે દરેક વૈષ્ણવો મંદિરમાં દર્શન, કથા શ્રવણ અને મહાપ્રસાદ માટે એક જ પરિસરમાં, નિર્ધારિત દરેક પ્રોગામ પૂરી તાદાત્મ્યતાથી માણી શક્યા. વઢવાણના દરેક વૈષ્ણવોને રાત્રીના મહાપ્રસાદ માટેની વ્યવસ્થા, એ પૂર્વાનુમાનથી કરવામાં આવેલ કે કથાના વિરામ અને મહારાજશ્રીના વચનામૃતના શ્રવણ પછી પરિવાર માટે રાત્રીભોજન વ્યવસ્થામાંથી બહેનોને છુટ્ટી મળે અને તેઓ સાંસ્કૃતિક પ્રોગ્રામ તન્મયતાથી માણી શકે. રોજે રોજ યોજાતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમા કૃષ્ણની વિવિધ લીલાઓ - રાસ વિગેરેની રજૂઆત એટલી દર્શનીય અને સભર રહી કે વૈષ્ણવોએ તેમાં ભાગ લેનાર કલાકારોને બિરદાવી અગણિત ભેટ વડે દરેક કલાકારોને પ્રોત્સાહિત કર્યા. .

દરરોજ સવારે શ્રી ઠાકોરજીના વિવિધ મનોરથોની ઝાંખી, અને બપોરના ભોજન બાદ ૨.૩૦ કલાકથી સાંજના ૭.૩૦ કલાક સુધી શ્રીમદ ભાગવત કથાના શ્રવણમા શરૂઆતથી જ આસનસ્થ થયેલા વૈષ્ણવોનું પાંચ પાંચ કલાક સુધી એક જ આસને બેસીને કથાનું અસ્ખલિત રસપાન કરવું, તે પૂરી નિષ્ઠાવાન વ્યક્તિ જ કરી શકે. સમગ્ર કથા મંડપ એટલો ભરચક થઈ જાય ત્યારે જગ્યાના અભાવે વાડીની બહારની પરશાળમા આસનસ્થ વૈષ્ણવો માટે વિશાળ ટી. વી. સ્ક્રીન પર કથા શ્રવણ માટે કરવામાં આવેલ આયોજનથી પૂરો વૈષ્ણવ સમાજ કથાશ્રવણનો ભરપુર આનંદ માણી શક્યો.

પુ. મહારાજશ્રીના જણાવ્યા અનુસાર આ આયોજનમાં વૈષ્ણવ સમુદાયની અંદાજીત હાજરી અંગે જે ગણત્રી કરવામાં આવેલી તેના કરતા પણ ઘણી વધુ સંખ્યામાં વઢવાણ અને બહારગામના વૈષ્ણવો આ મહોત્સવને પોતાનો જ માનીને જે રીતે ઉપસ્થિત રહ્યા તેણે વઢવાણના સો વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો.

મહારાજશ્રીએ એ વાતની પણ નોંધ લીધી કે પુષ્ટિ સંપ્રદાયના સેવકો અને શ્રી ગોપાલલાલજીના સેવકોએ સંપ્રદાયના કોઈ પણ જાતના ભેદભાવ વગર આ ઉત્સવને સમગ્ર વૈષ્ણવ સમાજનો, પોતાનો ઉત્સવ ગણી, આ પ્રસંગને ઉજાગર કરવામાં જે યોગદાન આપ્યું છે, તે બાબત અભૂતપૂર્વ ગણાવી શકાય. બાવાશ્રીએ પણ શ્રી ગોપાલાલજીના મંદિરમાં આયોજિત કુનવારાના મનોરથમાં આરતી કરવા માટે પધારી આપશ્રીની સંપ્રદાયની એકનિષ્ઠાને પ્રોત્સાહન આપ્યું તે કેમ ભૂલી શકાય ? પુષ્ટિ સંપ્રદાય અને શ્રી ગોપાલલાલજી મહારાજનો સંપ્રદાય એ તો

શુભેચ્છક : પૂર્વ પ્રમુખશ્રી બટુકલાલ વ્રજલાલભાઈ ગોરડીયા પરિવારના જય ગોપાલ
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ.

એક જ વૃક્ષની બે ડાળીઓ છે. માટે તેમની એકતા તો પ્રશંસનીય છે જ, પણ વઢવાણ સ્થિત શ્રીસ્વામીનારાયણ મંદિરના ગાદીપતિએ પણ તેમનું ઔદાર્ય બતાવતા, સ્વામીનારાયણ મંદિર સંકુલના બધા જ રૂમો વૈષ્ણવોના ઉતારા માટે અને તે પણ સવારના નાસ્તાની વ્યવસ્થા સાથે નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવી ધાર્મિક એકતાનું / ઉદારતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેમની આ સેવાને શ્રી મદનમોહન પ્રભુની પ્રેરણા સિવાય શું કહી શકીએ ?

જેમ વર્ષો અગાઉ દરબારગઢમાં નુતન હવેલીના બાંધકામનો પૂરો પ્રોગ્રામ, મદનમોહન લાલજીની ઈચ્છા વિરુદ્ધ સફળ ન થઇ શક્યો, તેમ શ્રીમદનમોહન લાલજી પ્રભુનો એક બીજો ચમત્કાર પણ કર્ણોપકર્ણ જાણવા મળ્યો છે. તારીખ ૦૯.૧૧.૨૦૨૫ ના રોજ એક લબ્ધપ્રતિષ્ઠિત વૈષ્ણવના ઘરેથી શ્રીઠાકોરજીને સુખપાલમાં પધરાવી શોભાયાત્રા કાઢીને નુતન પરિસરમાં પ્રવેશ કરવાનું આયોજન કરવામાં આવેલુ. શ્રી મહારાજશ્રીને આ પરિસર જોવા માટે લઇ ગયા તો સવારે જ વાસવામાં આવેલું તાળું જુદી જુદી અનેક વ્યક્તિના પ્રયત્નો પછી પણ ખુલ્યું નહી. અને ત્યારે વિકલ્પે, એક શતકથી પણ વધુ વર્ષથી કાર્યરત પુરાતન કેશરીયા મંડળીમાંથી સુખપાલમા બિરાજી શ્રીમદનમોહન લાલજીની શોભાયાત્રા શરુ થઈ. આમ શ્રી મદનમોહન પ્રભુની ઈચ્છાનુસાર જ બધું થાય છે તે હકીકતને પુષ્ટિ મળી. શોભાયાત્રા માર્ગ પર કપચી પથરાવી તે માર્ગ ચાલવા માટે સુગમ બનાવ્યો અને ઠેર હેર ફૂલો અને રંગોળીથી પૂરો પથ શણગારવામાં આવેલ. કીર્તન મંડળીના કર્ણપ્રિય કીર્તાનોના તાલ સાથે બાળકોએ માથા પર મોતીના કળશ લઈને અને સ્ત્રીવર્ગના ગરબાની રમઝટ વચ્ચે નીકળેલી આવી ભવ્યાતિભવ્ય શોભાયાત્રા એ વઢવાણના ઈતિહાસમાં કદાચ અભૂતપૂર્વ ગણાવી શકાય.

પુષ્ટિ માર્ગીય મેડપ્રથાનો ખ્યાલ રાખીને છપ્પનભોગની સામગ્રી ઉપરાંત આ મહોત્સવના પુરા આયોજનમા વૈષ્ણવોના ભોજન માટે પુષ્ટિ માર્ગીય રસોઈયા અને મદદનીશની વ્યવસ્થા પણ મહારાજશ્રીએ તેમના અંગત સેવકો દ્વારા ઉપલબ્ધ કરાવી, પૂરી રસોઈ અપરસમાં થાય તેવું આયોજન કરેલ. તેના કારણે ભોજનની પવિત્રતા જળવાઈ રહી. મહારાજશ્રીના આદેશ અનુસાર એકસો પચાસથી પણ વધુ નવયુવકોએ કમર કસીને, બે થી ત્રણ શિફ્ટમાં ગોઠવણી કરીને, પંગતમાં બેસાડીને મહાપ્રસાદ પીરસવાની જે અનન્ય સેવા કરી છે, તેને બિરદાવવા માટે શબ્દો પણ ઓછા પડે.

અંતમાં જણાવવાનું કે છપ્પન ભોગનો મહાપ્રસાદ વઢવાણના દરેક વૈષ્ણવોના ઘરે પહોંચતો કર્યાની સાથે સાથે બહારગામના વૈષ્ણવો, જેઓએ આ મહાયજ્ઞમાં સહયોગ આપેલ, તે બધાને જ મહાપ્રસાદની છાબડી બનાવીને સ્વયંસેવકોએ સ્વખર્ચે જાતે જઈને દહેકના ઘરે હાથોહાથ પહોંચતો કરીને પૂરી વ્યવસ્થાને ચાર ચાંદ લગાવી દીધા. આવા સુંદર અને સફળ આયોજન માટે આયોજકોને સો સો તોપની સલામ.

આવા મોટા ભવ્ય મનોરથમાં સમગ્ર ટ્રસ્ટી મંડળે ક્યારેય પોતાના માટે કોઈ પણ જાતની આગવી વ્યવસ્થા ગોઠવી નથી. અને સૌથી અગત્યની અને શ્રદ્ધાના શિરમોર જેવી વાત એ ગણાવી શકાય કે સમસ્ત કંસારા સમાજે આ મહોત્સવમાં યથાશક્તિ આપેલા આર્થિક યોગદાન ઉપરાંત મહોત્સવના પુરા કાર્યક્રમ સુધી પોતાનો વ્યવસાય બંધ રાખ્યો તે બાબત શ્રી મદનમોહન લાલજી પ્રત્યેની તેમની અપૂર્વ નિષ્ઠાના જ ગણાવી શકાય. ખરું કહું તો આ સદ્રશ અહેવાલ લખવામાં નિર્ધારિત પેજ સંખ્યાના કારણે મને મારી કલમ ટૂંકી પડી હોવાનો અહેસાસ થાય છે.

– સુરેશ લક્ષ્મીચંદદાસ દંગીના જયશ્રીકૃષ્ણ

## MATRIMONIAL



| | |
|---|---|
| Name | : Milin Laxmanbhai Kansara |
| Date of Birth | : 07/01/1999 |
| Place of Birth | : Ahmedabad |
| Time of Birth | : 08:30 AM |
| Rashi | : Leo (Simha) |
| Height | : 5'.10" |
| Education | : Post Graduate (MBA in Finance) |
| Religion | : Hindu |
| Job/Occupation | : Kotak Mahindra Bank Limited |

**FAMILY DETAILS**

| | |
|---|---|
| Father's Name | : Laxmanbhai Babubhai Kansara |
| Mother's Name | : Kusumben Laxmanbhai Kansara |
| Mother's Occ. | : Retired Central Govt. Servant (Pensioner) |
| Sister Name (Elder) | : Pooja Vismay Jagad (Married) |
| Address | : E/3/9, Neelam Appartment, Nr. Hirabaug Corssing Ambawadi, Ahmedabad-380006. |
| Contact No. | : 81405 11734, 90338 82252 |
| E-Mail | : lilinkansara66@gmail.com |

શુભેચ્છક : શ્રી અનિરૂધ્ધભાઈ પાનાચંદભાઈ કંસારા પરિવારના જય શ્રીકૃષ્ણ
અમદાવાદ.






# “ક્રિકેટ ટુર્નામેન્ટની સાથે રક્તદાનની અનોખી સેવા”

- કેયુરભાઈ દંગી (મોરબી)

“શ્રી ગુજરાતી કંસારા યુવક મંડળ,મોરબી” દ્વારા સમસ્ત કંસારા સમાજ માટે તારીખ ૨૭, ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ ચોથી વાર સફળતાપૂર્વક દિવસ-રાત્રી ક્રિકેટ ટુર્નામેન્ટનું સફળતાપૂર્વક આયોજન પૂરું કરવામાં આવ્યું.

જેમાં પ્રથમવાર સાથે રક્તદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૧ યુનિટ રક્તદાન થયું, જેમાં દરેક રક્તદાતા ને પ્રોત્સાહિત ભેટ આપી સન્માનિત કર્યા હતા.

આ ટુર્નામેન્ટમાં ૧૭,૫૦૦/- એન્ટ્રી ફી રાખી હતી અને કુલ છ ટીમોએ ભાગ લીધો, જેમાં (૧) જયગોપાલ XI - મોરબી (૨) અમિત XI - વઢવાણ (૩) મહાદેવ CC XI - કર્ણાવતી (૪) રવિ JCB XI - રાજકોટ (૫) ક્રસ્નવી XI - કચ્છ (૬) ઓમિસોલ XI - વલસાડ, એમ કુલ છ ટીમોએ ભાગ લીધેલ હતો.

જેમાં “ઓમિસોલ XI વલસાડ” ચેમ્પિયન થઈ હતી અને “અમિત XI વઢવાણ” રનર્સ-અપ રહી હતી.

ચેમ્પિયન ટીમ ને ૨૧,૦૦૦ રોકડ અને ટ્રોફી અને રનર્સ-અપ ટીમ ને ૧૮,૫૦૦ રોકડ અને ટ્રોફી આપી ને પ્રોત્સાહિત કર્યા હતા.

આખી ટુર્નામેન્ટ ના દરેક ૧૨ મેચ માં ૧૨ મેન ઓફ ધી મેચ ની ટ્રોફી આપી ને પ્રોત્સાહિત કર્યા હતા. તેમજ બેસ્ટ બોલરની ટ્રોફીના દાવેદાર “દેવાશીસ સોની કંસારા, વલસાડ” રહ્યા હતા. બેસ્ટ બેસ્ટમેનની ટ્રોફીના દાવેદાર “જય સુમંતરાય કંસારા, વલસાડ” રહ્યા હતા. મેન ઓફ ધી સિરીઝના દાવેદાર “દીપ અશોકભાઈ કંસારા, વલસાડ” રહ્યા હતા. જે બધાને ખાસ ટ્રોફીથી સન્માનિત કરવા મા આવ્યા હતા.

આ આયોજન ને સફળ બનાવવામાં “શ્રી ગુજરાતી કંસારા યુવક મંડળ, મોરબી” ટીમ વતી પ્રમુખઃ શ્રી કેતનભાઈ ગોવિંદભાઈ કાગડા, ઉપ પ્રમુખઃ શ્રી કેયુરભાઈ ચેતનભાઈ દંગી, મહામંત્રીઃ શ્રી જયદીપભાઈ નીતિનભાઈ શેઠ અને એની ટીમ જોડાઈ હતી.

અને ખાસ સહયોગ કૃણાલભાઈ લલિતભાઈ દંગી, હરમીતભાઈ ચંદ્રેશભાઈ દંગી, અંકિતભાઈ અશ્વિનભાઈ






કરથીયા, ધીરેનભાઈ દંગી, અને કેવિનભાઈ શૈલેષભાઈ કાગડા તરફ થી મળ્યો હતો. તથા વિરલભાઈ નવીનભાઈ કરથીયા , દિવ્યેશભાઈ ભુપતભાઈ કંસારા અને રાકેશભાઈ ધર્મેન્દ્રભાઈ માવાણી,ની પણ સેવા નોંધનીય હતી. તથા મોરબી કંસારા જ્ઞાતિ ના આગેવાન શ્રી રાકેશભાઈ જયંતિલાલ કરથીયા, સંજયભાઈ વિનોદભાઈ કાગડા, સંદીપભાઈ અશ્વિનભાઇ કાગડા. તથા જ્ઞાતિ ના વડીલ કેતનભાઇ ચીમનલાલ કાગડા, ચંદ્રેશભાઈ ચીમનલાલ દંગી અને પંકજભાઈ નવનીતભાઈ દંગીની વિશેષ ઉપસ્થિતિ હતી.

આ આયોજનમાં બહારગામના વડીલો ધ્રાંગધ્રાથી કેતનભાઇ અશ્વિનભાઇ દંગી, વિપુલભાઈ જયંતિભાઈ કરથીયા, દુષ્યંતભાઈ મહાસુખલાલ દંગી અને ગોપાલભાઈ શશીકાંતભાઈ ચોકવાલા તથા વઢવાણ થી સચિનભાઇ ભુપેન્દ્રભાઈ પિત્તાલિય, ગોપાલભાઈ વલ્લભભાઈ ધોળકિયા, રાજકોટથી રાજુભાઈ જયસુખભાઈ ડેલાવાળા તથા વિશાલભાઈ કમલભાઈ કાગડા ની વિશેષ ઉપસ્થિતિ અને સેવા ના પણ અમે આભારી છીએ.

તદ્ ઉપરાંત તમામ ખેલાડીઓ અને દરેક કાર્યકરો, તેમજ મોરબી સિવિલ હોસ્પિટલ ની ટીમ જે આ રક્તદાન કેમ્પ માં ત્યાં હાજર રહી ને જે સેવા આપી હતી એના પણ આભારી છીએ.



શુભેચ્છક : ક્રિષ્નકાંત મોહનલાલ માવાણી, રાજકોટ (ભૂતપૂર્વ તંત્રીશ્રી, ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ) તરફથી સમસ્ત કંસારા સમાજને શુભેચ્છાઓ.



# શ્રી ગુજરાતી કંસારા જ્ઞાતિ (સૌરાષ્ટ્ર) સુરત દ્વારા આયોજીત વાર્ષિક સ્નેહમિલન

સતત વીશ વર્ષથી ઉજવાતો સ્નેહ મિલન-વિદ્યાર્થી સન્માન-સાંસ્કૃતિક કાર્યક્રમ નવ દંપતી તેમજ સુરતમાં આવતા અને અહીં સુરત સ્થાઈ થયેલ પરિવારનું સન્માન કરતો એક અનોખો કાર્યક્રમ એટલે વાર્ષીક કાર્યક્રમ.

તા. ૨૮-૧૨-૨૦૨૫ ને રવિવારના રોજ સૌરાષ્ટ્ર પટેલ સમાજ સમાજની વાડી વરાછા રોડ સુરત ખાતે આ વર્ષે એક અનોખો કાર્યક્રમ થયો.

સવારે ૧૦-૦૦ કલાકે ચા-નાસ્તો થી શરૂ થયેલ કાર્યક્રમ બાદ ડૉ. દર્શનભાઈ કાણકીયાના અથાગ પ્રયત્નોથી પી.પી. માણીયા હોસ્પીટલ પ્રા.લી.ના કુશળ ડૉક્ટર સ્ટાફ સાથે બી.પી. ડાયાબીટીસ તથા આંખના નિદાન કેમ્પ શરૂ થયો. ૧૨૫ વ્યક્તિએ આ નિદાન કેમ્પનો અમુલ્ય લાભ લઈ સંતોષ અનુભવ્યો.

નાના-નાના ભુલકાની અવનવી રતમો મેઘાબેન વાઢેલ તથા શીતલબેન ગોરખીયા તથા સખી મંડળના બહેનોએ બાળકોને રમાડી ખુશ કરી દીધા.

બપોરના સ્વાદીષ્ટ અને મન પસંદ ભોજનથી તૃપ્ત થઈ થોડો આરામ બાદ પી.પી. માણીયા હોસ્પીટલના કુશળ સર્જન ડૉ. મીશલ શાહ જે ભરત કેન્સર હોસ્પીટલમાં પણ સેવા આફી રહ્યા છે. તેવા ડૉકટરશ્રી કેન્સર અવરનેસ કેન્સર થયા પહેલા. અને કેન્સર થયા પછી આપણી આપણે શું કેમ રાખવી તેની વિસ્તૃત માહીતી આપી, વ્યસન ન કરવા ઉપર ભાર મુક્યો. સમાજે જે ધ્યાનપૂર્વક સાંભળી વ્યસન થી દૂર રહેવાનો સંકલ્પ કર્યો. ડૉ. શ્રી મીશલ શાહ સાહેબનું સ્મૃતિ ચિન્હ આપી સનમાનીત કર્યા.

સાંજના ચા-પાણી બાદ શ્રી ગુજરાતી કંસારા જ્ઞાતિ સુરત કારોબારી કમીટીના સભ્યો દ્વારા દિપ પ્રાગટ્ય શ્રી યમુનાજીના યમુનાષ્ટકના પાઠ કર્યા બાદ જ્ઞાતિના સભ્યોએ સ્વાગત પ્રવચન કરી ઈનામ વિતરણ સાંસ્કૃતિક કાર્યક્રમ-નવદંપતીનું સ્વાગત વગેરે કાર્યક્રમનો પ્રારંભ કર્યો. જ્ઞાતિના બાળકોને ગીફ્ટ-મોમેન્ટો-







નોટબુક આપી બાળકો ખૂબ ખુશ થયા.

આ વર્ષના વાર્ષીક કાર્યક્રમને ચાર ચાંદ લાગી જાય તેવો કાર્યક્રમ જ્ઞાતિના આમંત્રણને માન આપી ૮ વર્ષનો બાળકે પ્રીયમ તળાવીયા તેના પરિવાર સાથે આપણા કાર્યક્રમમાં આવ્યા. ભાઈશ્રી પ્રીયમ ની ઈશ્વર કૃપાથી મૌલીક પ્રવચન કોઈ મોટી સેલીબ્રીટીથી કાંઈ ઓછું નહી તેવી છટાથી સમાજના દુષણો લગ્ન જેવા પ્રસંગમાં જે ખોટા રીત રીવાજ, અભ્યાસમાં બાળકોને વ્યસનનું દુષણ લાગેલ છે તેના પર પોતાની મૌલીક ભાષાથી દરેકને મંત્ર મુગ્ધ કરી દીધા અને તેમના આ વક્તવ્ય અને તેની આગવી છટા ને તાળીયો અને હર્ષનાદથી વધાવી લીધા.

સાંજે જ્ઞાતિના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ બહેનો દ્વારા રાસ ગરબા તેમાં યુવા વર્ગ સંગીતના તાલે ખૂબ નાચ્યા.

જ્ઞાતિ કમિટીના સભ્યો દ્વારા પુરા દિવસનું ખૂબજ સરસ આયોજન તથા ગીફટ તથા ચોપડાની પસંદગીથી સર્વો ખુશ થઈ



રાત્રિનું મન પસંદ ભોજન લઈ સર્વો જયશ્રી ગોપાલ કરી છુટા પડ્યા.





શુભેચ્છક : ગુણવંતરાય નટવરલાલ ખાખી (વિરમગામવાળા) પરિવારના જયશ્રી ગોપાલ - અમદાવાદ

સહમંત્રી : સમૂહ લગ્ન ટ્રસ્ટ - વઢવાણ

-: શુભેચ્છા સહ :-

# એ. સી. બ્રધર્સ એન્ડ કાું.

## કંસારા ચંદુલાલ મોહનલાલ પરિવાર

શિહોર - ૩૬૪૨૪૦.
(ઓ) ૦૨૮૪૬-૨૨૨૧૪૨, ૨૨૫૧૪૨

વિનુભાઈ : ૯૮૨૫૨૦૮૦૮૯
ડૉ. હર્ષદ (અમદાવાદ) : ૯૪૨૬૬૨૩૧૪૨
રજુભાઈ : ૯૮૨૫૨૦૮૦૭૧
યોગેશ : ૯૮૭૯૫૧૮૦૭૧

॥ શ્રી મહાકાળી પ્રસન્નોસ્તુ ॥
શુભેચ્છા સહ...
શ્રી મુકુંદરાય શાંતિલાલ ફાજલિયા પરિવાર



**Gaurang Fajalia** - Director
Cell : + 91 98257 86656

**Gravity Instruments** Private Limited
Web : www. gravityipl.com

**Works :** Gravity Instruments Pvt. Ltd.
8, R. K. Estate, B/h. Ekta Hotel,
Sarkhej Bavla Highway, Sarkhej,
Ahmedabad - 382 210 (Gujarat) INDIA
Tel. : +91 79 2689 0918 | Cell : +91 90999 21523
Email : support@gravityipl.com

**MANUFACTURING OF WEIGHING SCALES & SPARE PARTS**



M.No. 320 Clock
Size :- 250x250 m.m.

M.No. 354
Size :- 400 x 400 m.m.



M.No. 371 - Gear Clock
Size :- 16 x 16 Inch.

M.No. 377 - Round Clock
Size :- 250 m.m. (8 Inch)

**RAKESHBHAI - 94262 21810 | DIPAKBHAI - 98790 02106**

**PRAKASH TIME INDUSTRIES**

www : bellquartz.com • Email - bell_quartz@yahoo.in
4-Lati Plot, Near Keshavlal P. & Sons, Morbi - 363641.

**Tejas P. Meghani**
+91 - 9426303186

**Mayur P. Meghani**
+91 - 9429328187
**Mishal P.Meghani**
820-0524436



ME CANS

# Mayur Engineering

**Manufactur**

Alluminium Alloy Milk Can 20 ltr., 30 ltr., & 40ltr. With Lids
ISI Mark S.S. Insulation Cans 304 SS. Milk Can 5 ltr., 10 ltr., & 40 ltr. with Lids Spare : Alu. & SS. Lids, Bottom Ring, Handle Bottom Dish

F-1, Plot-179, G.I.D.C., Road B-11 Vitthal Udyog Nagar - 388 121.
Anand (Gujarat) Phone : (F) 02692-236122(M) 94263 03186

E-mail : mayurengineering179@gmail.com

# પૈસાનું મહત્વ

- ગુંજનભાઈ દુધેલા

આપણી સંસ્કૃતિ જ એવી છે કે જ્યાં પૈસાનું પણ પૂજન કરવામાં આવે છે. લક્ષ્મી પૂજન આપણે દિવાળીમાં કરીએ છીએ.

એમ કહેવાય છે કે પૈસા હાથનો મેલ છે. દરેક મનુષ્ય ખાલી હાથે આવે છે. ખાલી હાથે જાય છે. માત્ર કર્મ જ સાથે લઈ જાય છે. તો પણ મનુષ્ય આખી જીંદગી પૈસા મેળવવા મથ્યા કરે છે. મહેનતથી, જ્ઞાનથી, કપટથી, ખોટી રીતે પણ આખી જીંદગી માણસ પૈસા કમાવવા રચ્યો પચ્યો રહે છે. પૈસા માણસ પાસે ઘણા ખોટા કામો કરાવે છે. પૈસા વિશે જો જાણવું હોય કે પૈસા શું છે અને તે શું શું કરાવે છે તો આ નારાયણ સ્વામીનું ભજનમાં તેનું પૂરેપૂરું ચિત્રણ છે.

**ખેલ દુનિયા મે પૈસે કા,**
**પૈસા જોરુ, પૈસા લડકા, પૈસા બાબા બહેના,**
**પૈસા હાથી, પૈસા ઘોડા, પૈસા કપડા, ગહેના,**
**પૈસા દશ, પૈસા ઘરમ, પૈસા સબકુછ ભાઈ,**
**પૈસા રાજા રાજ કરાવે, પૈસા કરે લડાઈ,**
**પૈસા હાથી સે ઉતરાવે, પૈસા ગાદી પે બિઠાવે,**
**એક દિન પૈસા બદલ ગયા તો, પાવ મે લંગર પેરાવે,**
**પૈસા ચેલા, પૈસા ગુરુ, પૈસા ભક્તિ કરાવે**
**કહત કબીર સૂનો ભઈ સાધુ, પૈસા ઘૂમ મચાવે.**
**ખેલ દુનિયા મેં પૈસે કા...**

દુનિયામાં પૈસાનો ખેલ છે. પૈસા માણસ પાસે ન કરવાના કામ કરાવે છે અત્યારે પૈસા છે તો બધુ છે એમ લોકો માને છે. જેની પાસે પૈસા છે તેને સાચવવાની ચીંતા અને નથી તેને કમાવવાની ચીંતા.

માણસની મુખ્ય ત્રણ જરૂરિયાત છે. રોટી, કપડા અને મકાન. આ જરૂરીયાત પૂરી કરવામાં પણ પૈસાની જ આવશ્યકતા છે. આધુનિક યુગમાં પૈસાની જરૂરીયાત ખૂબજ વધી છે. કારણ કે માણસના ખર્ચાઓ, દેખાડા, હરીફાઈ, ખર્ચાળ શિક્ષણ, લાઈફ સ્ટાઈલ માટે પૈસા અનિવાર્ય બની ગયા છે.

પૈસા માનવ જીવનનો એક ભાગ છે જીવન નથી. પૈસા આત્મવિશ્વાસ આપે છે. પૈસા સન્માન આપે છે પૈસા રોયલ લાઈફ સ્ટાઈલ આપે છે. કહેવત છે ને કે "નાણા વગરનો નાથીયો, નાણે નાથાલાલ." અત્યારે માણસનું નહી પણ માણસ પાસે રહેલા પૈસાથી માણસને સન્માન મળે છે.

પંરતુ પૈસા ને જ જીવનમાં સર્વસ્વ માનવું જરૂરી નથી પૈસાથી પણ ઉપર નૈતિક મૂલ્યો, પરોપકાર, સુખ, શાંતિ અને સંતોષનું ખૂબજ મહ્ત્તવ છે.

**"પૈસા સાધન છે. સફળતાનો પણ સમજદારીથી વાપરો તો બને છે સહારો જીવનનો."**

પૈસા યોગ્ય સુખ, સુવિધા, સગવડ આપી શકે. પરંતુ સાચુ સુખ, આરોગ્ય, શાંતિ અને સંતોષ ન આપી શકે. સારુ સુખ સંતોષ અને શાંતિ માં છે. પૈસા અને નૈતિક મૂલ્યો વચ્ચે જેણે બેલન્સ જાળવી લીધું તેમે સફળ જીવન જીવી લીધું. પૈસા જ્યારે યોગ્ય સમયે યોગ્ય વ્યક્તિ પર વપરાય નહી તો તે પૈસા રાખ સમાન અને કાગળના ટુકડા સમાન છે.

પૈસા ને જો ઈમાનદારી, સદાચાર, અને પરોપકારની રીતે વાપરવામાં આવે તો વ્યક્તિ અને સમાજનું કલ્યાણ થાય છે.

તમારી પાસે કેટલા પૈસા છે તે મહત્વનું નથી. પણ તે પૈસા તમે કેટલી બચત કરો છો, કેટલા વાપરો છો કેટલા લોકો તમારા પૈસાથી ખુશ છે તે મહત્વનું છે સંબંધ સાચવવા માટે હોય છે અને પૈસા વાપરવા માટે જ્યારે આજે માણસ પૈસા સાચવે છે અને સંબંધ વાપરે છે. પૈસા ના મોહ માં માણ કેટલા પાપ કરે છે. તમારા પૈસા ત્યારે જ પૈસા છે કે જે પૈસાથી તમારા કુટુંબના દરેક સભ્યો સંતુષ્ટ, સુખી અને આનંદમાં રહે છે. બાકી તે પૈસા એક રાખના ઢગલા સમાન છે.

અત્યારના ૭૫% ધનવાનોમાં ધનવાનોને ધનનું અભિમાન છે. સારુ મકાન, ગાડી, ઘરેણા બધું જ પૈસા આપશે. પરંતુ સુખ, શાંતિ, સંતોષ, સારા સંબંધો, વિશ્વાસ, સાચી લાગણી એ પૈસા નહી આપી શકે. લકઝુરીયસ પલંગ પૈસા આપશે પણ સારી ઉંઘની, સારી મેડીકલ ટ્રીટમેન્ટ પૈસા આપશે પણ સારુ સ્વાસ્ત્ય નહી. સારો આનંદી પરિવાર અને ખુશહાલ જીવન જીવવા માટે મગજમાંથી પૈસાનું અભિમાન કાઢી તો જ એખ સુદંર, સફળ અને આનંદી પરિવારનું નિર્માણ આપણે કરી શખીએ. બાકી પૈસાના મોહમાં અને અભિમાનમાં અત્યારે ઘણા માણસો એ પોતાનું જીવન અને કુટુંબ બરબાદ કરી નાખ્યા છે. પૈસાના મોહમાં અને મદમાં માણસ આપણા મુલ્યો, સંબંધો અને સારો સમય પણ ખોઈ બેસે છે.

હું છેલ્લે એટલું જ કહીશ કે પૈસાનું મહત્વ ખૂબજ છે. પણ પૈસાથી પણ ઉપર માણસનું 'કર્મ' છે. નૈતિક મુલ્યો, નિતીમતા, પ્રામાણિકતા, સંસ્કારોનું આપણા જીવનમાં એક અલગ જ સ્થાન છે કે જેની સરખામણી પૈસા સાથે ક્યારેય ન કરી શકાય.

## શુભેચ્છા ભેટ

| | |
|---|---|
| રૂા. ૫૦૧/- | કંસારા મૃદુલ નિરંજનભાઈ - મુંબઈ. |
| રૂા. ૫૦૧/- | શેઠ હિરાબા જમનાદાસ પરિવાર - ચિ. જિનલ શૈલેન્દ્રભાઈ શેઠના શુભ લગ્ન પ્રસંગે - ધ્રાંગધ્રા. |
| રૂા. ૫૦૦/- | દંગી રાકેશભાઈ વલ્લભભાઈ કંસારા - સ્વ. હસમુખલાલ ચંદુલાલના સ્મરણાર્થે - શ્રધ્ધાંજલિની ભેટ - વઢવાણ. |

## કંસારા ટાઈમ્સની વિકાસ ફંડની યાદી

| | |
|---|---|
| રૂા. ૧૦૦૦/- | કંસારા કનુભાઈ શંકરલાલ - વડોદરા |

## NIF Mechanical Works Pvt. Ltd.

**SHAILESH KANSARA**
Director

Block No. 338/1, Behind GIDC,
Kabilpore, Ganesh Sisodra - 396463
District. Navsari, Gujarat, India

: Phone :
+91-2637258668 / 250667

: Email :
shaileshkansara@windwell.com
nifgroup@windwell.com

: Website :
www.windwell.com

---

અતુલભાઈ
૯૪૨૭૧૩૯૯૩૫
હાર્દિકભાઈ
૮૦૦૦૭૯૯૫૭૦

રમેશભાઈ
૯૮૭૯૨૪૨૬૬૧
ફોન : ૦૨૮૪૬-૨૨૨૮૬૦

જુના અને જાણીતા

## કંસારા મણીલાલ દીયાળજી

(કાંસાવાળા)



દરેક જાતના તાંબા-પિત્તળના
તથા શુદ્ધ કાંસાના વાસણો તેમજ કાંસાના
ડીનરસેટ બનાવનાર તથા વેચનાર.

કંસારા બજાર, મલબારી વંડાની પાસે,
શિહોર-૩૬૪૨૪૦.

---

Reliable Solar

## સરકાર દ્વારા રજિસ્ટર્ડ ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટર

**સોલાર પ્લાન્ટનું ઇન્સ્ટોલેશન અને કમિશનિંગ**

- રહેણાંક સોલાર પ્લાન્ટની સ્થાપના
- કોમર્શિયલ સોલાર પ્લાન્ટની સ્થાપના
- ઔદ્યોગિક સોલાર પ્લાન્ટની સ્થાપના

**સોલાર પ્લાન્ટનું સંચાલન અને જાળવણી**

- સોલર પેનલ માટે સફાઈ સિસ્ટમ
- સોલાર પ્લાન્ટ માટે થર્મોગ્રાફી
- ઇન્વર્ટર માટે સમારકામ સેવા
- ટ્રાન્સફોર્મર્સ માટે સમારકામ સેવા
- HT/LT પેનલ માટે સમારકામ



40% સુધી ફાયદો

અહીં તમારી વિગત ભરો⬇

હમણાં જ સંપર્ક કરો:

+91 9327168907/ 6355519196

કંસારા જયમીન ભાસ્કરભાઇ ફાજલીયા

રીલાએબલ કન્સલ્ટિંગ એન્જિનિયર્સ

Email: sales@onlinerce.com; Website: www.reliablesolar.net
SB-11, Gajanand Complex, Opposite Tube Company,
Old Padara Road, Vadodara-390020

---

Harshad Kansara : 9714340260
Gaurav Kansara : 9924085741
Krunal Kansara : 9601773417
Phone : 079-22153002

## Navneet Traders
## નવનીત ટ્રેડર્સ

**Gold Silver Merchant**

Intercome - *002

2297/1, First Floor, Montu Band Ni Niche,
Girish Coldrinks ni Bajuma
Manekchowk, Ahmedabad-1

# MATRIMONIAL



**PERSONAL INFORMATION**

Name : Meet Dangi
Gender : Male
Date of Birth : 26-04-1999
Birth Place : Rajkot
Time of Birth : 9-38 AM
Height : 5 feet 9 inches (175 cm)
Marital Statue : Single
Reigion : Hindu
Caste : Gujarati Kansara
Higehst Edu. : MBA - Marketing
Job/Occupation : Private Sector JOb
Organziation Name : Galderma Laboratories (Cetaphil)
Annual Income : Rs. 5 - 10 LPA

**FAMILY DETAILS**

Father's Name : Jitendrabhai Kantilal Dangi
Father's Occu. : Business
Mother's Name : Rajeshree Jitendra Dangi
Total Sister : Two Sister (Married)
Mosal : Rameshchandra Harjivandas Kansara

**CONTACT DETAILS**

Father's : 94283 48558
Mother's : 99243 05160
Address : "Nikunj", Rugnath Khengarji Street, Khatri Wad Chowk, Soni Bazar, Rajkot-360001.

# MATRIMONIAL



Name : Uday Kansara
Date of Birth : 10/01/1998
Time of Birth : 12-25 PM
Birth Place : Mansa, Gujarat
Height : 5'.3"
Manglik : No
Caste : Hindu-Kansara
Marital Status : Unmarried
Education : M.Sc. Enviornmental Sceince
Occupation : Project Assistant (GEMI - Environmental Department)
Income : Rs. 28000/- Per Month


**FAMILY DETAILS**

Father's Name : Kansara Bipinkumar Chandulal
Father's Occu. : Business
Mother's Name : Kansara Chandrabala Bipinkumar
Mother's Occu. : Housewife
Siblings : Kansara Manan Bipinkumar
Mosal : Kansara Govindlal Bhudardas (Limbdi) Current Joravarnagar

**CONTACT DETAILS**

Address : A-202, Umiya Residency, Opp Umiya Vadi, Mansa-Kalol Road, Mansa, Gandhinagar, Gujarat-382845
Mobile : 98980 69287

# MATRIMONIAL



Name : Meet Kansara
Date of Birth : 30/08/1997
Birth Place : Morbi
Height : 5'9'
Weight : 74 kg
Education : B.Tech Mechanical Engineering
Job/Occu. Technical Sourcing Associate
Father's Name : Sunil Occhavlal Kansara
Father's Occu. : Retired
Mother's Name : Heena Sunil Kansara
Father's Occu. : House Wife
Home Town : Nadiad
Contact Number : +91 94088 85241
Address : A-77, Jalaram Park, Kapadwanj Road, Nadiad-387001.

## શ્રધ્ધાંજલિ



સમસ્ત કંસારા સમાજના કારોબારી સભ્ય કપડવંજ નિવાસી શ્રીમતી ઉષાબેનના પતિશ્રી તથા કારોબારી સભ્ય દિપાલીબેનના પિતાશ્રી કંસારા જશવંતલાલ વાડીલાલ ટૂંકી માંદગી બાદ શ્રીજી ચરણ પામ્યા છે. સમસ્ત કંસારા સમાજ સાથે શરૂઆતથી સંકળાયેલ શ્રી જશવંતભાઈનું સમાજને અવિરત યોગદાન મળેલ છે. દરેક પ્રોગ્રામમાં તેઓની હાજરી નિશ્ચિત હતી. તેમના દેહાવસાનથી સમાજને ઘણીજ ખોટ પડી છે. પ્રભુ ઈચ્છા બળવાન. પરમ કુપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને પરમ શાંતી અર્પે અને નિજચરણમાં વાસ આપે તથા તેમના સમગ્ર પરિવાર પર આવી પડેલ વિપતી વહન કરવાની પ્રભુ શક્તી આપે તેવી સમગ્ર કારોબારી તથા સમસ્ત કંસારા સમાજ વતી પ્રભુને પ્રાર્થના.

મંત્રીશ્રી　　　　　પ્રમુખશ્રી

સમસ્ત કંસારા સમાજ(ગુજરાત)

# સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

## બેંક ખાતાની વિગત

**નામ : સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)**

એકાઉન્ટ નંબર : **10542905500**

બેંક : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, એસ.પી.પી.બી.બી. બ્રાંચ, અમદાવાદ

**IFS Code : SBIN0060129**

અગત્યની નોંધ : ખાતામાં પૈસા ભરાવનાર કે ટ્રાન્સફર કરનાર અચુક મોબાઈલ નંબર : 9374645669 ઉપર સમાજના ખજાનચી શ્રી મનીષભાઈ બી. કંસારાને વોટસઅપ પર જાણ કરવા વિનંતી.


When **you have insurance**
you know that you are secured
against any unforeseen events in life,
and this gives you **complete peace of mind.**

GENERAL INSURANCE | LIFE INSURANCE | CAR FINANCE | MUTUAL FUND

HV ENTERPRISE | NK INSURANCE | NIVESH FINCORP

**Address**
901, Dynasty, Nr. Stadium Cross Road,
C G Road, Ahmedabad 380009.

Nisarg Kansara 97260 16633　Arpana Kansara 9374471100

nkinsurance901@gmail.com I nisargk@gmail.com

**રાજેશભાઈ કંસારાના જયશ્રી કૃષ્ણ**


# સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

## કાર્યાલયનો મોબાઈલ નંબર

**સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) અમદાવાદના કાર્યાલય / ઓફિસનો મોબાઈલ નંબર 85115 94181 કાર્યરત થઈ ગયેલ છે. જે બપોરે ૧૨-૦૦ કલાકથી સાંજે ૫-૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે. તો જ્ઞાતિજનો / સભ્યોએ સંસ્થાના કામકાજ માટે ઉપરોક્ત મોબાઈલ પર સંપર્ક કરી શકાશે.**

# સોશિયલ મિડિયાનું દૂષણ ફેક ન્યુઝ

- કમલેશ કંસારા (અમદાવાદ)

સોશિયલ સાઈટમાં એક ચીજ કોમન હોય છે, એ છે 'ફેક ન્યૂઝ'! આ પ્રકારની ખબરો ખૂબ જ ઝડપથી ફેલાય છે. જ્યાં સુધી એની સચ્ચાઈ સામે આવે છે ત્યાં સુધીમાં તો તે પોતાનું પરાક્રમ દેખાડી ચૂકે છે. એને રોકવા માટેના અવનવા ઉપાયો શોધી રહ્યાં છે. જરૂરિયાત છે એની સામે મજબૂત પગલા લેવાની જેથી એની વિશ્વસનિયતા બની રહે.

અત્યારે ફેક ન્યૂઝનો સમય છે જેને પુરાવો શોધવો અને જૂઠને અંત સુધી ફેલાવવું એ મુશ્કેલ કામ નથી. મલ્ટીમીડિયા સોફ્ટર છે. સસ્તુ ઈન્ટરનેટ છે, સર્વવ્યાપી સોશિયલ મીડિયા છે અને ઉપરથી આમ આદમીની પહોંચમાં આવતી આધુનિક ટેક્નીક છે. પરંતુ આ બધુ તો માનવીને વિકાસની તરફ લઈ જવાવાળી પારદર્શિતા, સંવાદ અને સૂચનાઓને પ્રોત્સાહન કરવાવાળી ચીજ છે નહીં? જ્યારે કોઈ માધ્યમ અગણિત લોકો સુધી પહોંચ રાખે છે અને બધાને આસાનીથી પ્રાપ્ત થઈ શકે છે અને તે લગભગ નિઃશુલ્ક હોય અને ઘણી પાવરફૂલ હોય તો એનો ઉપયોગ માત્ર પુણ્યાત્માઓ જ કરશે, આવું ક્યાંય લખ્યુ છે ખરુ!

અમેરિકાની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં કહેવાય છે કે જો ફેક ન્યૂઝ ન હોત તો હિલેરી કિલ્લંટન ત્યાંની રાષ્ટ્રપતિ હોત. કેમ્બ્રીજ એનાલિટિકાના સ્કેન્ડલના અનુસંધાનમાં એ ખબર સામે આવી હતી કે કેવી રીતે રશિયાએ ફેક ન્યૂઝ અને લક્ષિત (ટારગેટેડ) પ્રચાર અભિયાનોના માધ્યમથી નકલી ખબર ફેલાવી દીધી અને અમેરિકી ચૂંટણીના પરિણામો બદલી નાંખ્યા.

પરંતુ આ વાત માત્ર અમેરિકા સુધી સિમિત નથી રહી. બાવીસ દેશોમાં કરવામાં આવેલ માઈક્રોસોફ્ટના સર્વેના પરિણામ બતાવે છેકે ૬૪ ટકા ભારતીયોને ફેક ન્યૂઝનો સામનો કરવો પડે છે. આખી દુનિયાના આંકડા જોઈએ તો તે ૫૭ટકા છે. અફસોસની વાત એ છે કે ૭૨ ટકા સોશિયલ મીડિયા ઉપયોગ કરનાર સાચા અને ઠોસ સમાચારની વચ્ચે કોઈ જ તફાવત કરવાને માટે અસમર્થ માને છે સન ૨૦૧૭માં બીબીસીની તરફથી કરવામાં ઓલ એક અધ્યયન આ વાતને સમર્થન આપે છે. એટલું જ નહીં ભારતમાં પાછલા વર્ષોમાં આવી ફર્જી (ફેક) ખબરોના કારણે લગભગ ત્રીસ લોકોએ પોતાના પ્રાણ ગુમાવ્યા હતા.

સરકારે ફેસબુક, વોટ્સએપ, ટ્વિટર, યૂ ટ્યૂબ (ગૂગલ) જેવી સોશિયલ મીડિયા માધ્યમો પર આ સમસ્યાને નિવારવાને માટે અંકુશ લગાવ્યા છે. લોકોને જાગ્રત કરવાને માટે અભિયાન પણ ચલાવે છે પરંતુ જે લોકોને ફેક ન્યૂઝના પ્રસારથી ફાયદો છે એને અચાનક કોઈ પ્રકારના સામાજિક દાયિત્વબોધ થઈ જાય એવી આશા રાખવી અસંભવ છે. ઉલ્ટાની 'ડીપ ફેક' જેવી નવી ચીજો સામે આવી રહી છે.'ડીપ ફેક' નો અર્થ એ છે કે ફર્જી કોન્ટેક જેને તૈયાર કરવામાં ટેકનીકની દુનિયાની સૌથી આધુનિક શક્તિઓનો ઉપયોગ કરવામાં આવે છે. જેમ કે આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ, મશીન લર્નિંગ અને ન્યૂરલ નેટવર્ક આ એવી ટેકનીક છે જે આપણી દુનિયા બદલી શકે છે, પરંતુ એનો બીજો પ્રભાવ પણ હોય છે.

'ડીપ ફેક'ની મદદથી તમે કોઈપણ વ્યક્તિની પૂરી રીતે નકલી વિડીયો તૈયાર કરી શકો છો. એની પોતાની અવાજમાં એની પાસેતી કાંઈપણ બોલાવી શકાય છે. એને બનાવવામાં આર્ટિફિશિયલ ઈંટેલિજન્સની ટેકનીકનો ઉપયોગ થાય છે. તમે જાણો છો કે આર્ટિફિશિયલ ઈંટેલિજન્સની મદદથી કોમ્પ્યૂટર નવી ચીજો રાખી શકે છે.જો એમાં કોઈ નેતાના કેટલાક ચિત્રો અને કેટલીક મિનીટના ભાષણને ફીડ કરી દેવામાં આવે તો તે એક્દમ અસલી લાગતા વીડિયો બનાવી શકાય છે. તેમા તમને એવો વીડિયો પણ જોવા મળી શકે છે જેમાં કોઈ નેતા કોઈ સંપ્રદાયની વિરૃધ્ધ લોકોને ભડકાવતા દેખાય છે. જો કે એણે આવું ક્યારેય કર્યું હોતું નથી.

સોશિયલ મીડિયાને લઈને એક ભ્રમ એ પણ છે કે જે દેખાય છે તેનું સત્ય કાંઈ અલગ હોય છે. વાસ્તવમાં એનું રૂપ દિવસે દિવસે બદલાતું રહે છે, પરંતુ સત્યનો કોઈ જ અધિકાર સોશિયલ મીડિયા પર મોજુદ નથી. આ જ કારણે યુરોપીય સંઘે હાલમાંજ ફેશબુકને 'ડિઝીટલ ડાકુ'નો ખિતાબ આપ્યો છે. આ સંગઠનનું માનવું છે કે ફેસબુક લગાતાર પોતાના વપરાશકારોની અંગત સંબંધી જાણકારીઓનો દુરૂપયોગ કરી રહે છે, જે પ્રકારે એનો લગાતાર વિસ્તાર થઈ રહ્યો છે એનાથી એવું લાગી રહ્યું છે કે આવનારા દિવસોમાં કેટલાય નવી સોશિયલ મીડિયાના મંચ બજારોમાં આવશે ત્યારે એની હાલતનો અંદાજ લગાવી શકાય છે. આજે ફેસબુક પોતાની ચરમ સીમા પર પહોંચી ચૂક્યું છે. અને આવનાર દિવસોમાં નીચેની તરફ ઢળી રહ્યું છે. સંભવ છે કે હવેના આવનાર દિવસોમાં તે ખતમ થઈ જશે એવો અંદાજ સેવવામાં આવી રહ્યો ચે. અને કોઈ નવી વેબસાઈટ આપણા જીવનમાં પ્રવેશ કરી શકે છે. આજની યુવા પેઢી તો ઈસ્ટાંગ્રામ પર વધુ લાગી છે. ટ્વીટર જેવી એપ પણ બજાર પકડવા લાગી છે. એનો એક અર્થ એ કે સોશિયલ

મીડિયાનો એક માત્ર સ્થાઈ તત્વ એનો લગાતાર બદલતો રહેવો અર્થાત એમાં આવનાર બદલાવ છે. એટલે ત્યાં પોતાની એટલી જ જાણકારી પ્રકાશિત કરે, જેટલી જરૂર હોય જો જરૂરિયાત ન હોય તો પોતાની અંગત જાણકારી પ્રકાશિત ન કરે સાયબર અપરાધી તમારી એ જાણકારીઓને ચોરી કરીને વાતને નિશાન બનાવી શકે છે. આપણે સાયબર અપરાધના કાનૂની ઢાંચાને ઘણોજ મજબૂત બનાવવાનો છે, જે થઈ કોઈ અપરાધી બચી ન શકે એની સાથે જોડાયેલ કાનૂની સજા વધારવાની જરૂર છે. જેથી અપરાધીના મનમાં એક જાતની ભય બની રહે.


આપણા દેશમાં સોશિયલ મીડિયાથી સબંધિત મામલો પર મુખ્યત્વે બે કાયદા લાગુ પડે છે. એક સૂચના પૌદ્યોગિકી કાનૂન-૨૦૦૦ અને બીજો ભારતીય દંડ સહિતા સૂચના પ્રોધોગિકી કાનૂન ઇ. માધ્યમને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યો છે. પરંતુ વિભિન્ન પ્રકારના ગેરકાનૂની, અશ્લીલ અથવા અવાંછનીય કંટેટને સોશિયલ મીડિયા પર પ્રકાશિત કરવા પર દંડ-સંહિતામાં પણ તેનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ત્રણ વર્ષની સંજા થી લઈને અજીવન કારાવાસ સાથે એક લાખથી લઈને દસ લાખ રૂપિયા સુધીના દંડની જોગવાઈ પણ ભારતીય દંડ સહિતામાં પણ છે.''

## જાણવું જરૂરી

સિનિયર સિટીઝનનોને રાષ્ટ્રીય વયોશ્રી યોજના (RVY) અંતર્ગત વોકસે, વ્હીલચેર તેમજ શ્રવણ યંત્ર નિઃ શુલ્ક મળે છે. ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકો કે જે બીપીએલ કે એપીએલ રેશનકાર્ડ ધરાવતા હોય અને રૂપિયા પંદર હજારથી ઓછી આવક ધરાવતા હોય તે સિનિયર સિટીઝનો આ યોજનાનો લાભ લઈ શકે છે. આ યોજના માટે આધારકાર્ડ, રેશનકાર્ડ કે કોઈ પણ અન્ય ઓળખકાર્ડ વૃધ્ધા વસ્થા પેન્શન, વિકલાંગતા અંગેનું પ્રમાણપત્ર, પાસપોર્ટ સાઈઝનો ફોટો, મોબાઈલ નંબર સહિતના દસ્તાવેજો જરૂરી છે. સમાજ કલ્યાણ વિભાગની સત્તાવાર વેબસાઈટ https//www. alimco. in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

- મહેન્દ્રભાઈ એચ. પવાર (સિહોર)

## MATRIMONIAL




| | |
|---|---|
| Name | : Zeel Kansara |
| Date of Birth | : 19/06/2000 |
| Time of Birth | : 2:00 PM |
| Height | : 5'.4" |
| Weight | : 58 kg |
| Hobbies | : Travelling, Listern Music |
| Education | : MCA Completed |
| Working | : CFirst Back Ground Verification |

**FAMILY BACK GROUND**

| | |
|---|---|
| Grand Fat. Name | : Kansara Keshavlal Harjivandas (Limbdi) |
| Father's Name | : Kansara Vipul Keshavlal |
| Father Occ. | : Bussiness |
| Mother's Name | : Kansara Chetna Vipulbhai |
| Mother Occ. | : Housewife |
| Brother's Name | : Kansara Raj Vipulbhai |
| Occupation | : Bachelor Degree Pursing |
| Mosal | : Kansara (Lalani) Govindlal Vallabhdas (botad) |
| Contact No. | : Vipul Kansara : 81605 29156<br>Kirit Kansara : 75679 04461 |
| Address | : H-701, Zaveri Greens, Near Harsh Platinum-3, Opp. To S.P. Nirvana, Ghuma Road, Bopal, Ahmedabad-380058. |

## MATRIMONIAL



| | |
|---|---|
| Name | : Dhruv Dangi |
| Contact No. | : +91 7096203978 |
| E-mail ID | : dhruvdangi144@gmail.com |
| Date of Birth | : 24th April, 2000 |
| Birth Time | : 1.25 AM |
| Birth Place | : Joravarnagar |
| Height | : 5'5" |
| Weight | : 52 kg |
| Education | : Master of Pharmacy |
| Occupation | : Emcure Pharmaceutic Limited as Research Scientist, Gandhinagar |

**FAMILY BACK GROUND**

| | |
|---|---|
| Grand Father | : Gopalbhai Dahyabhai Kansara |
| Grand Mother | : Induben Gopalbhai Dangi |
| Father | : Ashokbhai Gopalbhai Kansara |
| Occupation | : Business - Giriraj Medical Store |
| Mother | : Bhartiben Ashokbhai Dangi |
| Occupation | : Home Maker |
| Sister | : Dr. Palak Dangi (Married) |

**MATERNAL SIDE**

| | |
|---|---|
| Grand Father | : Amichandbhai Gopaldas Khokhara, Joravarnagar |
| Grand Father | Pushpahen Amichandbhai Khokhara |
| Address | : Maru Fali, Kapad Bazar, Sanand-382110 |
| Contact No. | : Father : +91 9408764432 |

શુભેચ્છક : ગૌ.વા. કંસારા દેવચંદભાઈ ગોરધનદાસ પાટડીયા પરિવારના સર્વેને જય શ્રીકૃષ્ણ - પાટડી
હ. કંસારા શાંતિલાલ દેવચંદભાઈ - પ્રમુખશ્રી : સમૂહ લગ્ન ટ્રસ્ટ - વઢવાણ

# ચિમનલાલ પ્રાગજીભાઈ ખાખી પરિવારનું ગૌરવ




શ્રીનાથજી બાવાની અસીમ કૃપાથી અમારા બ્રિજેશભાઈ નટવરલાલ ખાખી (B.E. Civil) ના જ્યેષ્ઠ સુપુત્ર ચિ. માનવ બ્રિજેશભાઈ ખાખીએ 2023 માં B. Tech. in Information Technology ની ડીગ્રી પૂના સ્થિત Insqure IT પૂણેથી Distinction સાથે હાંસલ કર્યા બાદ વડીલો તેમજ પરિવારના શુભ આશિષથી ઉચ્ચ અભ્યાસ અર્થે Sep. 2023 માં The University of New Castle. NSW, Australia માંથી Master in Information Technology with a Specialistation in Business Analytics ની ડીગ્રી 22, Aug. 2025 માં First Class (5.5 GPA out of 7) સાથે પૂર્ણ કરી જે Dec. 2025 માં એનાયત કરવામાં આવેલ છે. હાલમાં તેઓશ્રીએ ૩ વર્ષના વર્ક વીઝામાં 485 સબકલાસ મેળવેલ છે.

ચિ. માનવ બ્રિજેશભાઈ ખાખીની આ સિધ્ધી મેળવવા બદલ પરિવાર હર્ષોલ્લાસની લાગણી અભિવ્યક્ત કરે છે. તેમજ આગળ પણ પ્રગતિના શીખરો અવિરત હાંસલ કરતાં રહે તેવી અભ્યર્થના સહ.....

**મંજીલ ઉન્હી કો મિલતી હૈ, જીનકે સપનો મે જાન હોતી હૈ, પંખ સે કુછ નહી હોતા, હૌંસલો સે ઉડાન હોતી હૈ.**

## ગૌ.વા. ચિમનલાલ પ્રાગજીભાઈ ખાખી પરિવાર (લીંબડી)

નટવરલાલ ચિમનલાલ ખાખી (દાદા)
સ્વ. ભારતીબેન નટવરલાલ ખાખી (દાદી)
બ્રિજેશ નટવરલાલ ખાખી (પિતા)
પૂર્વી બ્રિજેશભાઈ ખાખી (માતા)
હર્ષિલ બ્રિજેશભાઈ ખાખી (ભાઈ)
(અભ્યાસ ચાલુ B.Tech. in Computer Software in the Uni. of New Castle. NSW Australia)

**તેમજ પરિવાર ના સભ્યોશ્રી**

પ્રવિણભાઈ ચિમનલાલ ખાખી
ગોપાલભાઈ ચિમનલાલ ખાખી
બાબુલાલ ચિમનલાલ ખાખી
રમાબેન કીરીટકુમાર માવાણી

**મોસાળ પરિવાર વતી**

જયસુખભાઈ કે. ડેલાવાળા (નાના) રાજકોટ
હંસાબેન જે. ડેલાવાળા (નાની)

**સરનામું : બ્રિજેશ ખાખી**
૪૦૧, આરંભ એપાર્મટેન્ટ, ગુંદાવાડી મેઈન રોડ, રાજકોટ. મો. : ૯૪૨૭૨ ૧૪૨૪૭
જયશ્રી ગોપાલ - જયશ્રી કૃષ્ણ

RNI No.GUJGUJ/2009/30908. Posted Ahmedabad P.S.O. on 15th of every month under Postal Reg. No. GUJ/474/2021-2023 Valid up to 31-12-2023

PUBLICATION ON DATE OF 15th EVERY MONTH

KANSARA

Kansara Modler Limited
An Indo-German Joint Venture
A-41(B), M. I. A., Phase Second, Basni,
Jodhpur-342005, Rajasthan, India
Tel.: +91 291 2741656
+91 291 5120656
Fax: +91 291 2740657
email: info@kansara.com
web: www.kansara.com

World Class Rollers For The Whole World

## આજીવન સભ્યો જોગ નમ્ર નિવેદન

દર મહિનાની પંદરમી તારીખે અવિરત પણે પ્રકાશીત થતું, ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ આજીવન સભાસદ અને સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) વચ્ચે સેતુ બનેલ છે એક અનોખું માધ્યમ સાબીત થયેલ છે.

આપ સૌને વિદિત છે કે અવિરત લોક ચાહનાને વરેલ સદર પ્રકાશન, છેલ્લા વીસ વર્ષથી આપની સમક્ષ પ્રકાશીત કરી રહ્યા છીએ. ગત વિતેલ વર્ષો દરમ્યાન કાગળની, છપામણીની, ઓફિસના, તેમજ અન્ય આકિસ્મક ખર્ચાઓમા સત્તત વધારો થતો આવેલ છે, તેમજ પ્રકાશનના કલેવરમાં બદલાવ લાવવા, આપ સૌ જ્ઞાતિજનો/હોદ્દેદારો/કારોબારી સભ્યો/આજીવન સભાસદો આપની અનુકુળતા પ્રમાણે, આપના કુટુંબ- પરિવારના સારા માઠા પ્રસંગોએ અનુદાન તેમજ શુભેચ્છા ભેટો લખાવીને સમાજને આગળ લાવવા અચુક સહભાગી બની શકો છો

આપ આપણા સમસ્ત કંસારા સમાજના બેંક ખાતામાં, સ્વયંમ તમારી ઈચ્છીત રકમ ભરપાઈ કરીને સમાજ સેવાનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂ પાડવા અચુક સહયોગ આપશો. આપ જાતે તો સહયોગ આપશોજ, પણ સાથે આપણા સમાજના જ્ઞાતિજનોને પણ તેમ કરવા પ્રેરણા આપી સમાજની મુક સેવા કરવાનો અનેરો લ્હાવો મેળવવા સહભાગી થશો.

લી. સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

પ્રકાશન અને મુદ્રક : સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) વતી શ્રી **ભરતભાઈ સી. શેઠ** દ્વારા
મારૂતિ પ્રિન્ટર્સ એન. આર. એસ્ટેટ, તાવડીપુરા, અમદાવાદ ફોન : ૨૫૬૨૫૫૫૯, ૨૫૬૨૧૩૧૨ ખાતે મુદ્રિત અને પ્રકાશિત

**ખાસ સુચના : ૧.** સમાજ દ્વારા અંક દરેક માસની પંદર તારીકે પ્રસિદ્ધ કરી પોસ્ટ કરવામાં આવે છે. **૨.** સમાજ દ્વારા અંક ફક્ત આજીવન સભ્યોને જ મોકલવામાં આવે છે. **૩.** અંક ન મળ્યા અંગેની ફરિયાદ સમાજની ઓફિસે પોસ્ટકાર્ડ લખીને મોકલી આપવી. **૪.** અંકમાં પ્રસિદ્ધ થતા લખાણો જે તે લેખકની જવાબદારીએ પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તેવા લખાણો બાબતે સમાજ કે તેના હોદ્દેદારો સંમત છે તેવું માની લેવું નહી. **૫.** દરેક સમાચાર, માહિતી, લેખ ફુલસ્કેપ કાગળમાં ડાબી સાઈડ હાંસિયો રાખી એક સાઈડ સુંદર સ્પષ્ટ અક્ષરોમાં લખી જણાવો. **૬.** ફોટાઓ મોકલવા માંગતા હોય તો તે ફોટાને લગતી માહિતી તે ફોટા પાછળ નામલખી મોકલી આપો. **૭.** શૈક્ષણિક માહિતી, પરીક્ષા અંગેની હોય તો માર્કશીટની સર્ટિફાઈડ નકલ મોકલવી, માર્કશીટ ઉપર નામ, ધોરણ, સરનામું વગેરે ખાસ લખવા અને ફોટો હોય તો જમણી બાજુ સ્ટેપ્લર પીન લગાડવી.

**રવાના : શ્રી સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)**
૨૫૧, એલીસબ્રીજ શોપીંગ સેન્ટર, એલીસ બ્રીજ પલીસ સ્ટેશન પાસે,
એલીસ બ્રીજ, ટાઉનહોલ સામે, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન :૦૭૯-૨૬૫૭૪૦૭૦